# અક્રમ યુથ

ઓક્ટોબર ૨૦૨૦ ગુજરાતી
દાદા ભગવાન પરિવાર
₹ 20

## રામાયણ ફોર યુથ

ભાગ - 1



# અનુક્રમણિકા


૪ ભરતની આધીનતા

૬ જ્ઞાની સાયન્ટિફિક સોલ્યુશન

૮ દાદાશ્રીના પુસ્તકની ઝલક

૧૦ યુથ એક્સપીરિયન્સ

૧૨ જ્ઞાની વિથ યુથ

૧૪ મહાન પુરુષની ઝાંખીઓ

૧૭ જ્ઞાની આશ્ચર્યની પ્રતિમા

૧૮ જ્ઞાન મેળવાય વિનયથી

૨૦ એક્સપરીમેન્ટ

૨૩ # કવિતા



વર્ષ: ૮, અંક : ૬
સળંગ અંક : ૯૦
ઓક્ટોબર ૨૦૨૦



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી -** ડિમ્પલ મહેતા

**Printer & Published by**
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gndhinagar

**Printed at : Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page


## Subscription

Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.


© 2020, Dada Bhagwan Foundation.
All Rights Reserved

# સંપાદકીય

**વ્હાલા મિત્રો,**

આપણા પૌરાણિક બે મહાકાવ્યો, રામાયણ અને મહાભારતથી તો આપ સૌ પરિચિત જ છો. તેમાંય આ લોકડાઉનના શરૂઆતના સમયગાળામાં, આ બન્ને ગ્રંથો પર વર્ષો પહેલા રચાયેલ ધારાવાહિકોનું, દૂરદર્શન પર ફરી થયેલ પ્રસારણ તો લગભગ બધાએ જ ખૂબ રસપૂર્વક માણ્યું હશે. પણ આ મહાન કથાઓને ફક્ત મનોરંજનના હેતુથી માણીને, ભૂલી જવાની ભૂલ કરવા જેવી નથી. આ કથાઓ અને તેના પાત્રોનો જો ઝીણવટથી અભ્યાસ કરીએ, તો જણાશે કે આ વાર્તાઓ આપણને એક આદર્શ જીવન જીવવા શું શું કરવું અને શું શું ન કરવું, તેની સચોટ સમજ પૂરી પાડે છે. સાથે સાથે વ્યવહારના ઉત્કૃષ્ટ ગુણો જેવા કે આજ્ઞાંકિતતા, આધીનતા, ધૈર્ય, સંયમ, પ્રેમ, ભક્તિ વગેરેની ઝલક પણ આ ગ્રંથોમાં વણાયેલી જોવા મળે છે.



**આ અંકમાં, આપણે રામાયણના મહાન પાત્રો અને તેઓના જીવનનાં અમુક પ્રસંગોને વાગોળીશું અને તેમાંથી પ્રેરણા લઈ, આપણે પણ એક આદર્શ જીવવાનો ધ્યેય મજબૂત કરીએ.**
**તો ચાલો, સહુ તૈયાર છો ને ?...**

જય સચ્ચિદાનંદ - ડિમ્પલ મહેતા

***નોંધ:** પ્રસ્તુત અંકમાં રજૂ કરાયેલા રામાયણના પ્રસંગો, વિવિધ શાસ્ત્રો, ગ્રંથોમાં અને અન્ય માધ્યમોમાં ઉપલબ્ધ માહિતીના આધારે સંકલિત કરવામાં આવ્યા છે અને તેનો એકમેવ હેતુ, આજનો યુવા વર્ગ તેમાંથી યોગ્ય માર્ગદર્શન મેળવે તે જ છે.

# ભરતની



# આધીનતા

**જ્યાં આધીનતાની વાત આવે, ત્યાં શ્રી રામના અનુજ ભરતજીને અવશ્ય યાદ કરાય છે. કેમ? ચાલો, જોઈએ ભરતજીએ એવું તો શું કર્યું હતું કે તેઓ 'આધીનતા' શબ્દના પ્રતિક સમાન બની ગયા !**

મોસાળથી પાછા ફરેલ ભરતે, પોતાના પ્રિય મોટાભાઈ શ્રી રામના વન તરફ પ્રયાણના સમાચાર જાણ્યા અને તેઓ ખૂબ દુઃખી થયા. તરત જ ગુરુ વશિષ્ઠ અને જનક રાજાને સાથે લઈને, શ્રી રામ અયોધ્યા પરત આવે અને તેઓ જ અયોધ્યાના રાજા બને, તે સમજાવવા વનમાં ગયા. બધાએ ભેગા મળીને ખૂબ વિનંતી કરી પરંતુ, શ્રી રામ પિતાની આપેલ આજ્ઞાના પાલન માટે હૃદયપૂર્વક બંધાયેલા હતા. પરમ વિનયથી શ્રી રામને અનુસરનારા ભરતને, તેમની પ્રતિજ્ઞા માન્ય રાખવી પડી. સાથે સાથે શ્રી રામે ૧૪ વર્ષ સુધી અયોધ્યાનું રાજ્ય અને પ્રજાને સાચવવાની જવાબદારી ભરતને આપી.

વિદાય વેળાએ ભરતે કહ્યું, 'આપ મને કોઈ યાદગીરી આપો જેના અવલંબનથી હું અયોધ્યામાં ચૌદ વર્ષ સુધી આપે આપેલ જવાબદારીને લગતી સેવા બજાવી શકું.' શ્રી રામચંદ્રજીએ પોતાની ચરણપાદુકાઓ ભરતજીને આપી. ભરતે પ્રસન્ન થઈને પ્રેમથી તે પાદુકાઓ માથે ચડાવી લીધી અને એમના ચરણોમાં પ્રણામ કરીને વિદાય લીધી.

ત્યાર બાદ, ભરતે અયોધ્યા જઈ શુભ મુહુર્તમાં રાજ્ય સિંહાસન પર શ્રી રામના પ્રતિકરૂપ તેમની પાદુકાઓને પધરાવી અને શ્રી રામે આપેલ આદેશ અનુસાર રાજ્ય સંભાળ્યું.



ધીર અને ધર્મપારાયણ ભરતજી શ્રી રામને હંમેશા પૂજ્ય માનતા. પોતાના સ્વામી રામ, વનના દુ:ખો અનુભવે છે, તો હું કેવી રીતે મહેલનાં સુખ ભોગવી શકું? એટલે તેમણે શ્રી રામના ચરણની પાદુકાઓના આશીર્વાદ લઈ, નંદીગ્રામમાં કુટીર બનાવી અને સાદું જીવન જીવવા લાગ્યા. તેમના કરતાં નીચા સ્થાને રહેવા તેમણે જમીનમાં ખાડો ખોદી સૂકા ઘાસનું બિછાનું બનાવ્યું. ખાવામાં, પહેરવામાં વગેરેમાં ઋષિઓના કઠિન વ્રત અને નિયમ પ્રમાણે રહેવા લાગ્યા.

બીજા બધા આભુષણો, વસ્ત્રો, ભોગો અને સુખોને મન-વચન-કાયાથી સહેલાઈથી ત્યજી દીધા. તેમને અયોધ્યાના મોટા રાજ્યમાં કે ધનના ઢગલામાં કોઈ રાગ ન હતો. તપથી તેમનું શરીર દુબળું થવા લાગ્યું, પણ તેમના મુખ પરની કાંતિ વધવા લાગી. હૃદયમાં અત્યંત પ્રેમથી, તેઓ નિત્ય શ્રી રામચંદ્રજીની પાદુકાઓનું પૂજન કરતા અને એ પાદુકાઓને વંદન કરી, આશીર્વાદ માંગીને અનેક પ્રકારનાં રાજકાર્યો કરતાં રહ્યા. તેમના હૃદયમાં રામ, મુખ પર રામ-નામ અને નેત્રોમાં વિરહના અશ્રુઓ રહેતાં. તેમના વ્રતો તથા નિયમોની વાત સાંભળી, સાધુ સંતોને પણ સંકોચ થતો અને ભરતજીની આવી દિવ્ય તથા તેજસ્વી દશા જોઈને મુનિરાજો પણ લજ્જા પામતા.

આમ, ભરતે નંદીગ્રામમાં રાજપાટના કોઈ વૈભવ વગર, સતત ૧૪ વર્ષ શ્રી રામના સંપૂર્ણ વિનયભાવ અને આધીનતામાં રહી, એવી સુંદર જવાબદારી સંભાળી કે નગરજનો એટલે સુધી કહેવા લાગ્યા, ‘‘ભરતજી સર્વ પ્રકારે વખાણવા યોગ્ય છે.’’ આજે પણ આધીનતા અને વિનયભાવ માટે ભરતના ભાતૃપ્રેમને યાદ કરાય છે..

તો ચાલો, આપણે જોઈએ આધીનતા વિશે પૂજ્યશ્રી શું કહે છે...

# જ્ઞાની સાયન્ટિફિક સોલ્યુશન

**પ્રશ્નકર્તા:** હમણાં લોકડાઉનમાં ટીવી પર રામાયણમાં જોયું કે ભરત રાજાએ ચૌદ વર્ષ રામ ભગવાનને આધીન રહીને રાજ્ય કર્યું. એમનામાં આધીનતા, પ્રેમ અને સહજતા બધું દેખાયું. એવી જ રીતે તમારે પણ દાદા અને નીરુમા પ્રત્યે આધીનતા હતી, તો આધીનતાનો ફાયદો શું થાય ?

**પૂજ્યશ્રી:** આધીનતાનો ફાયદો, તો સ્વછંદતા જતી રહે. આધીનતા એટલે આજ્ઞા પાળીએ તો એમની કૃપાથી પછી આગળની પ્રગતિ થાય, મોક્ષ સુધીનું કામ થઈ જાય. આધીનતા તો બધું સર્વસ્વ કલ્યાણ કરી નાખે. 'હું કંઈક છું, મને કોઈ કહેનાર ના જોઈએ, હું મારી રીતે જીવીશ.' 'આઈ વોન્ટ ટુ લીવ માય લાઈફ.' અલ્યા, તો રખડવાનું થશે, એને સ્વછંદતા કહેવાય, ભટકવાનું થાય અને પેલું તો આધીનતા કહેવાય. તમે જેમ કહો એમ, તમે કહો એ પ્રમાણે હું ચાલીશ, તો પછી એ તો ભલું જ કરે આપણું, કલ્યાણ કરી નાખે. સમજાય ને ? એટલે આધીનતા તો છેલ્લી વસ્તુ છે, આ બ્રહ્મચર્યમાં બધા આવે છે, પછી આધીન રહેવા માંગે છે કે આધીનતામાં રહીને અમારું બ્રહ્મચર્ય પણ સચવાય, અમે જ્ઞાનમાં પ્રગતિ કરીએ અને મન-વચન-કાયાથી જગતનું કલ્યાણ કરીએ. પણ આધીનતામાં રહે તો કરી શકે. 'હું મારી મેળે બ્રહ્મચર્ય પાળીશ,' 'મારા મેળે સત્સંગમાં આવીશ,' 'મારી મેળે બધું સાંભળીશ, સમજીશ,' 'મારી મેળે આજ્ઞા પાળીશ,' તે પોતાની રીતે પાળવા જાય ને તો ક્યાં ગુમ થઈ જાય, ભરોસો નહીં. કારણ પોતે આ માર્ગથી અજાણ છે. આધીનતા વગર, અમથું-અમથું અહીંથી સ્ટેશને જવું હોય અને રસ્તો જાણતા ન હોય ને તો, આધીનતા રાખવી પડે. એરપોર્ટ જવું હોય તો ? કંઈક સારો જાણકાર હોય તો પહોંચાડે, નહીં તો પછી રખડી પડીએ આપણે, સમજાય ને ?



આધીનતા એટલે તો બહુ મોટું, આ તો ગુરુને આધીન રહે ને તોય મહીં ગુરુનું જે થવાનું હોય, પોતાનું કલ્યાણ થઈ જાય. એટલો બધો આધીનતાનો ફાયદો છે. આ તો જ્ઞાનીપુરુષ કહેવાય, દાદા ભગવાન, નીરુમા ! બધા એટલે એમને આધીન એ તો સર્વસ્વ મોક્ષ સુધીનું કલ્યાણ થાય, ગેરેંટી. સમજાયું ને?

**પ્રશ્નકર્તા:** હા, સમજાયું. ભરત રાજાને એમાં શું ફાયદો થયો હતો, આધીનતા રાખવાથી ?

**પૂજ્યશ્રી:** હા, એટલે એ બધું આગળની લીંક પૂરી થવાની મોક્ષની. અને આ તો ચૌદ જ વર્ષ, પછી પણ આખી જિંદગી રહ્યા છે આધીન જ, અને એ જોઈએ ! એક દિવસ રહે એનો અર્થ નહીં, આખી જિંદગી રહેવું જોઈએ.


Dada Bhagwan
App For Android & iOS
SCHEDULE
AUDIOS
BOOKS
CONTACT
VIDEOS
MAGAZINES
GALLERY
SADHANA
Dada Bhagwan
Spirituality at your fingertips...



# દાદાશ્રીના પુસ્તકની ઝલક



**પ્રશ્નકર્તાઃ** આપઘાત કરીને મરી જાય તો શું થાય ?

**દાદાશ્રીઃ** આપઘાત કરીને મરી જાય, પણ પાછું ફરી અહીં ફરજો ચૂકવવા આવવું પડે. મનુષ્ય છે તે તેને માથે દુઃખ તો આવે, પણ તે માટે કંઈ આપઘાત કરાય ? આપઘાતનાં ફળ બહુ કડવાં છે. ભગવાને તેની ના પાડેલી છે, બહુ ખરાબ ફળ આવે. આપઘાત કરવાનો તો વિચારેય ના કરાય. આ જે કંઇ કરજ હોય તો તે પાછું આપી દેવાની ભાવના કરવાની હોય, પણ આપઘાત ના કરાય.

દુઃખ તો રામચન્દ્રજીને હતું. તેમના ચૌદ વરસનાં વનવાસમાંના એક દહાડાનું દુઃખ તે આ ચકલાના (વ્યક્તિના) આખી જિંદગીનાં દુઃખ બરાબર છે ! પણ અક્કરમી 'ચેં' 'ચેં' કરીને આખો દા'ડો દુઃખ ગા ગા કરે છે.

સુખ-દુઃખ તો આમંત્રેલાં મહેમાન જેવાં છે, આવે ત્યારે ધક્કો ના મરાય પણ તેમને તો સત્કારવા જોઈએ. સંસાર એ દુઃખનો દરિયો છે. વ્યવહાર સારી રીતે ચલાવવામાં કોઈની બીક ના હોવી જોઈએ. ધોલો ખાવી ગમતી ના હોય અને જો ચોપડો બંધ કરવો હોય, તો ધોલો આપતી વખતે વિચાર કરવો કે પાછી આવશે ત્યારે એ લેવાશે કે કેમ ?

ત્રણ જાતનાં દુઃખ છે. *દેહના દુઃખોને* 'કષ્ટ' કહેવાય છે, જેને પ્રત્યક્ષ દુઃખ કહેવાય. દાઢ દુઃખતી હોય, આંખો દુઃખતી હોય, પક્ષાઘાત થયો હોય તે બધાં દુઃખો તે દેહના દુઃખો. બીજા *વાણીના દુઃખ*, એને 'ઘા' કહેવાય છે; હૃદયમાં પેસી જાય તો પછી જાય નહીં. ને ત્રીજા *મનના દુઃખ* તે 'દુઃખ' કહેવાય છે. આપણને 'મનના દુઃખ' કે 'વાણીના ઘા' ના રહેવા જોઇએ, પણ કષ્ટ તો આવે. સહન કરવું પડે, એ બધું કષ્ટ જ કહેવાય. પણ આપણે જ્ઞાતા-દ્રષ્ટા પદમાં રહીને સહન કરીએ. પણ આ વાણીનો ઘા અને મનના દુઃખો ના હોવાં જોઈએ. આ ઈન્કમટેક્ષનો ઓફિસર કહે કે 'તમારી ઉપર આટલો ટેક્ષ નાખી દઈશ,' એવું બોલે તો એ તો રેકોર્ડ છે. તેથી એ વાણીનો ઘા આપણને ના લાગવો જોઈએ.

# વનવાસના દુ:ખો નું વર્ણન









- ★ કાંટા, ઉબડ-ખાબડ રસ્તા પર ચાલવું પડે.
- ★ ઝેરી સાપ, વીંછી વગેરે જીવજંતુઓ અને જંગલી જાનવરોના દિન-રાત ભય વચ્ચે જીવવું પડે.
- ★ પથ્થર, જમીન પર સુવું પડે.
- ★ ખાવા-પીવાનું જે મળે તેવું ચલાવી લેવું પડે અને જો ન મળે તો દિવસો સુધી ભૂખ્યા-તરસ્યા રહેવું પડે.
- ★ કેટલાય દિવસો મેલા-ફાટેલા કપડાં બદલ્યા વગર અને સ્નાન કર્યા વગર કાઢવા પડે.
- ★ કોઈ પણ શારીરિક તકલીફ આવે તો સારવાર ન મળે, પીડા સહેવી પડે.
- ★ રાક્ષસો દ્વારા ચોરી, લૂંટફાટ, અપહરણ, બળજબરી અને હત્યાની આશંકાઓ વચ્ચે જીવવું પડે.
- ★ રસ્તો ભૂલી જવાથી અટવાઈ જવાય, સ્વજનથી છૂટા પડી જવાય, અન્ય રીતે પણ સ્વજનનો વિયોગ સહેવો પડે.



# પૂજ્યશ્રી આપણા જાંબવનજી

## મારો અનુભવ

લોકડાઉનની શરૂઆતનો મારો સમય ટીવી પર શરૂ થયેલી 'રામાયણ' જોઈને પસાર થતો. જેમાં નીચેની ઘટના માટે ઘણો અહોભાવ પ્રગટ થયો.

જ્યારે જાંબવનજી અને હનુમાનજી, ભારે પરિશ્રમ બાદ વાનરસેનાની ટુકડી સાથે સીતાજીની શોધમાં ભારતના દક્ષિણ છેડે સમુદ્રકિનારે પહોંચ્યા, ત્યારે તેમને ખબર પડી કે સીતાજી તો સમુદ્રની પેલે પાર લંકાનગરીમાં છે. ત્યારે તેમનામાં સમુદ્રના મોજા કરતાંય વિશાળ એવું નિરાશાનું મોજું ફરી વળ્યું. આટલો વિશાળ સમુદ્ર ઓળંગીને કોઈ પેલે પાર જઈ શકે, એ શક્ય જ નહતું લાગતું.

જ્યારે કોઈને કંઈ સૂઝતું નહતું ત્યારે જાંબવને એક રહસ્ય પરથી પડદો ઊંચકવા માટે આ યોગ્ય સમય જાણ્યો... તેઓ મૂંઝાયેલા હનુમાનજી પાસે પહોંચી જાય છે. હનુમાનજીને તેમના જૂના પ્રસંગો યાદ અપાવે છે, કે બાળપણમાં તેમણે પોતાની અસીમ શક્તિથી કેવા-કેવા પરાક્રમો કર્યા હતાં ! પણ તે સાથે તોફાનો કરીને, શક્તિનો દુરુપયોગ પણ કર્યો હતો, જેથી એક ઋષિએ તેમને ક્રોધે ભરાઈને શ્રાપ આપ્યો હતો કે ‘હનુમાનજી પોતાની શક્તિઓને ભૂલી જશે અને યોગ્ય પ્રસંગે જ્યારે કોઈ એમને આ શક્તિઓની યાદ અપાવશે ત્યારે તે શક્તિઓ ફરી પ્રગટ થશે.’





આમ, આ સમયે જાંબવને હનુમાનજીને એમની શક્તિઓ યાદ અપાવી અને પછી હનુમાનજી છલાંગ લગાવીને આખો સમુદ્ર ઓળંગીને, લંકા પહોંચીને બીજા કેવા-કેવા પરાક્રમ કર્યા તે આપણને સૌને ખબર જ છે !

આ આખો એપિસોડ જોયા પછી મને ખૂબ ધન્યતા અનુભવાઈ કે આપણા જીવનમાં પણ સાક્ષાત જાંબવનજી હાજર છે ! પૂજ્યશ્રી (જ્ઞાનીપુરુષ) પણ આપણને જ્ઞાનવિધિના પ્રયોગ દ્વારા જણાવે છે કે ખરેખર આપણે આત્મા છીએ, આપણી અનંત જ્ઞાન, અનંત દર્શન વગેરે શક્તિઓ કેવી છે, એનું આપણને ભાન કરાવીને અનંત અવતારના બંધનોમાંથી છોડાવે છે અને સંસારસમુદ્ર પાર કરાવીને મોક્ષ અપાવે છે.

- ઋત્વિજ પટેલ, સીમંધર સીટી

# જ્ઞાની વિથ યુથ

## પ્રશ્નકર્તા :

**દશેરાના દિવસે રાવણના પુતળા કેમ બાળવામાં આવે છે ? એ યોગ્ય છે ?**

**નીરુમા :** અમે એકવાર રસ્તામાં આવતા હતા ત્યારે લોકોએ કહ્યું, 'આજે અહીંથી રાવણના પુતળા નીકળશે, તેથી આ રસ્તો બંધ છે.' દશેરાના દિવસે કેટલાય લોકો રાવણના પુતળા બાળે છે. પણ રાવણ તો મહાન હતા, જ્ઞાની હતા. અને જૈન શાસ્ત્ર પ્રમાણે તો તે ભવિષ્યમાં તીર્થંકર થઈને મોક્ષ પામશે. વળી, કરોડો લોકોને પણ મોક્ષે લઈ જશે. તે ભવમાં સીતાજીનો જીવ પણ તેમના પટ્ટશિષ્ય થવાના છે. ભલે એક શાસ્ત્ર કહેતું હોય, તોય આપણે એને માન્ય રાખીએ. રામાયણ પણ રાવણને મહાન ગણતાં જણાવે છે - ''રાવણ શાસ્ત્ર વેત્તા, નવે ગ્રહો નિકટમાં રહેતા.'' આવું તો કોઈનાય માટે કહેવાયું નથી, એકલા રાવણ માટે કહ્યું છે. તોયે લોકો એમના પુતળા બાળે છે. જ્ઞાનીઓના પુતળા બાળો એટલે હિન્દુસ્તાનની દશા ક્યાં જઈને ઊભી રહે ? રાવણ જેવા હતા તેવા, પણ મહાન હતા, જ્ઞાની હતા. રાવણ, સીતાજી એ બધા





મોક્ષમાર્ગના રાહી હતાં. એમણે સીતાજી ઉપર દૃષ્ટિ બગાડી નહતી, એનું કશું ખરાબ કર્યું નહતું. માત્ર પૂર્વભવના કર્મનું ફળ આવ્યું, તે એમને નાછૂટકે પૂરું કરવું પડ્યું. તેમણે કુદૃષ્ટિથી નહિ, પણ અહંકારથી સીતાજીનું હરણ કર્યું હતું.

**આજે તો, આપણે બધાએ રાવણને જ્ઞાની તરીકે યાદ કરીને તેમને નમસ્કાર કરવા જેવું છે.**



# શબરી

## મહાન પુરુષની ઝાંખીઓ


આપણા શાસ્ત્રોમાં મહાતપસ્વીનીઓમાં માતા શબરીનું નામ મોખરે છે. તેઓ શ્રી રામના અનન્ય સાચા ભક્ત તરીકે ખૂબ ખ્યાતિ પામ્યા છે. જન્મે તેઓ ભીલજાતિના હતા, તેમની જ્ઞાન અને ધર્મનો ગૂઢ અર્થ જાણવાની લગન અનેરી હતી.

તેમણે ઋષિમુખ પર્વતની તળેટીમાં, માતંગ ઋષિને મળ્યા બાદ વર્ષો સુધી ઋષિની ભક્તિ ભાવથી સેવા કરી. વર્ષો સુધી સમર્પણ ભાવ સાથે સેવા, ભક્તિ અને સાધના કરી. માતંગ ઋષિ જ્યારે પરમધામમાં જવા લાગ્યા, ત્યારે શબરીએ પણ તેમની સાથે ધામમાં જવાની ઈચ્છા વ્યક્ત કરી. ઋષિએ જણાવ્યું, ''તું અહીં જ રહે કેમકે આપણા પ્રભુ શ્રી રામચન્દ્રજી તેમના વનવાસ દરમ્યાન અહીં પધારશે અને તેમના દુર્લભ દર્શન અને કૃપા તને પ્રાપ્ત થશે.'' ગુરુની આજ્ઞા અનુસાર તે આશ્રમમાં રહ્યા અને દરરોજ અનન્ય ભક્તિ સાથે શ્રી રામના આગમનની વર્ષો સુધી આતુરતાથી રાહ જોતા રહ્યા.

વર્ષો પછી એક દિવસ પ્રભુ શ્રી રામ તેમના અનુજ લક્ષ્મણ સાથે વૃદ્ધા શબરીની ઝૂંપડીએ આવ્યા ત્યારે આનંદથી ઘેલા થયેલ માતા શબરી પ્રભુ રામના ચરણોમાં પડી હર્ષથી રડી પડ્યા.

ચાલો, તેમનો પ્રેમાળ વાર્તાલાપ સાંભળીએ..

હું વર્ષોથી દરરોજ તમારા માટે બોર લેવા જઉં છું અને ચાખીને રાખું છું. મીઠા મીઠા બોર ! ખાઓ પ્રભુ. ખાઓ પ્રભુ, બહુ જ મીઠા છે, મેં જાતે ચાખી ચાખીને મૂક્યા છે.



શબરીના ચાખેલા બોર ખાઈને શ્રી રામ કહે છે...

મને વર્ષો પછી લાગે છે કે મારી માતા કૌશલ્યા મને તેમના હાથેથી ખવડાવી રહ્યા છે. આવા મીઠા ફળો તો ભગવાનને સ્વર્ગમાં પણ ન મળે !

**જેવો અનન્ય પ્રેમ અને ભક્તિભાવ માતા શબરીને શ્રી રામ ભગવાન માટે હતો, એવો જ પ્રેમ અને ભાવ આપણને પણ પ્રત્યક્ષ જ્ઞાની માટે હોજો !**

# નવધા ભક્તિ

## ભગવાન શ્રી રામ,
## શબરીને નવ પ્રકારની ભક્તિ સમજાવે છેઃ

**૧.** સંતોનો સત્સંગ રાખવો.

**૨.** ભગવાનને લગતી દંતકથાઓ/પ્રવચનોમાં રુચિ રાખવી.

**૩.** અહંકાર છોડીને ગુરુના ચરણકમળની નિ:સ્વાર્થ સેવા કરવી.

**૪.** દગા, કપટ અને દંભ છોડીને હૃદયથી ભગવાનના ગુણોની પ્રશંસા ગાવી.

**૫.** વેદ અનુસાર દ્રઢ વિશ્વાસ સાથે પ્રભુના નામનો જપ કરવો.

**૬.** વિવિધ કર્મોમાં વૈરાગ્ય રાખવો અને સજ્જનોના ધર્મકાર્યમાં રુચિ રાખવી. સંયમ અને શીલ નું પાલન કરવું.

**૭.** જગતને ભગવાનસ્વરૂપે જોવું. સંતો ભગવાન સુધી પહોંચવાનો રસ્તો બતાવે છે, માટે સંતોને ભગવાન કરતાં પણ વધુ મહત્વ આપવું.

**૮.** કોઈ ઈચ્છા રાખ્યા વગર જે કંઈપણ મળે તેનામાં સંતોષ રાખવો અને સ્વપ્નમાં પણ બીજાના દોષ ન જોવા.

**૯.** દંભ, કપટ છોડીને સરળ બનવું. ભગવાન પર દ્રઢ વિશ્વાસ રાખવો. મનમાં હર્ષ કે શોક રાખવા નહિ.



# જ્ઞાની આશ્ચર્યની પ્રતિમા

**જ્ઞાની પુરુષ પ્રત્યે નવધા ભક્તિ !**

દાદાશ્રી દ્વારા વિવિધ પ્રસંગોએ નીરુમાની નવધા ભક્તિ સહિતની સેવા માટે જે વચનો નીકળ્યા છે, જેમાંથી થોડા વાક્યો અહીં સંકલિત કરવાનો પ્રયાસ કર્યો છે...

§ આ ત્રણ વર્ષથી નીરુબેન સેકંડે સેકંડ જોડે હોય છે. મતભેદ જ નહીં. મતભેદની વાત તો ક્યાં, પણ ઊંચા સાદે બોલ્યા જ નથી. આ જે સેવાભાવ ઉત્પન્ન થયો છે, તે કોઈને થયો છે આટલામાંથી? આ તો જબરજસ્ત પુણ્યૈથી...

§ આ જબરજસ્ત નવધા ભક્તિ ઉત્પન્ન થઈ છે અને નીરુને જબરજસ્ત અર્પણતા ભાવ ઉત્પન્ન થયો છે. અર્પણતા બહુ સારી રહે, એટલે જબરજસ્ત ફળ મળે.

§ (નીરુમાને ઉદ્દેશીને) અમારી સેવા કરવા તમને મળી છે, તે બહુ મોટી પુણ્યૈ છે. એ કોઈને મળી નથી.

§ અમારી સેવા અને જગત કલ્યાણનો ભાવ બસ એટલું જ તમારે (નીરુમાએ) કરવા જેવું છે. એમાં બધું જ આવી જાય છે.

§ આવો સંજોગ કોઈને ના મળે તે તમને (નીરુમાને) મળ્યો. મને પોતાનેય અજાયબી લાગી. સાત દિવસના સતત અમારા પરિચયમાં આવે, સેવામાં આવે તો કામ નીકળી જાય અને જ્ઞાન એક્ઝેક્ટનેસમાં આવી જાય. એ મેં જોયું તમારું. આવો ભીડો સંયોગનો કોઈને આવે જ નહીં ને ! (સાત દિવસ દાદાશ્રીની સેવા કરવાનો લાભ નીરુમાને મળ્યો હતો, ત્યારે દાદાશ્રીએ આ કહ્યું હતું.)

§ તેમને (નીરુમાને) દાદાની સેવા કરીને પૂર્ણાહૂતિ કરી લેવી છે, તે થઈ જશે. આ સાત દિવસનો અજાયબ લાભ એમને મળ્યો છે. કંઈ શાસ્ત્રો વાંચ-વાંચ કરવાથી, સાંભળ સાંભળ કરવાથી પૂર્ણદશાએ નથી પહોંચાતું. એ તો સેવાથી જ થાય. મૌન સેવાથી જ થાય. કશું પૂછવું-કરવું જ ના પડે.

# જ્ઞાન મેળવાય વિનયથી



**પ્રભુ શ્રી રામનું તીર જઈને રાવણની નાભીમાં વાગ્યું. રાવણ ધરાશાયી થઈને જમીન પર પડી ગયા. રાવણ પોતાના છેલ્લા શ્વાસ ગણી રહ્યા હતા. શ્રી રામની સેનામાં ઉજવણી થઈ રહી હતી. રાવણનું મૃત્યુ નજીક હતું. શ્રી રામે લક્ષ્મણને બોલાવ્યા અને કહ્યું કે ‘‘એક કામ ઝડપથી પૂરું કરવું પડશે.’’ લક્ષ્મણે પૂછ્યું, ‘‘એવું શું કામ છે, આજ્ઞા આપો.’’**

શ્રી રામે કહ્યું કે ‘‘તમે ઝડપથી રાવણ પાસે પહોંચી જાઓ. તે મહાજ્ઞાની છે. તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરો. કારણ કે જો તે મૃત્યુ પામશે તો એમની પાસેનું જ્ઞાન અને અનુભવ એમની સાથે જ લુપ્ત થઈ જશે.’’

આ સાંભળતા જ લક્ષ્મણે હસતા-હસતા મોટા ભાઈને કહ્યું, ‘‘ભાઈ, રાવણ કે જે ઘમંડી, અહંકારી છે, જેણે ભાભીનું અપહરણ કર્યું હતું, તે રાવણ પાસેથી તમે જ્ઞાન લેવાનું કહી રહ્યા છો ?’’

શ્રી રામે કહ્યું, ‘‘આ મારો આદેશ છે.’’ લક્ષ્મણનું મન માનતું નહોતું છતાં પણ ભાઈના આદેશને શિરોમાન્ય ગણીને તે જઈને રાવણના માથા પાસે ઉભો રહી ગયા અને રાવણને કહ્યું, ‘‘હે રાવણ ! ભાઈએ તારા અંતિમ સમયમાં મને અહીં મોકલ્યો છે કે જેથી મૃત્યુ પહેલાં તારું જ્ઞાન આપીને જા.’’ લક્ષ્મણના અવાજમાં જે તુચ્છકાર હતો, જે ગુસ્સો હતો, એ રાવણને પસંદ ન આવ્યો. રાવણે માથું ફેરવી નાખ્યું. લક્ષ્મણે જયારે આ જોયું ત્યારે તેને ગુસ્સો આવી ગયો. તે શ્રી રામ પાસે પાછા ગયા અને કહ્યું,

''ભાઈ, મેં પહેલેથી જ કહ્યું હતું, તે ઘમંડી, અહંકારી છે. તેની પાસેથી શું જ્ઞાન મળશે ?''

શ્રી રામે પૂછ્યું, ''તું ક્યાં ઊભો હતો ?''


લક્ષ્મણે કહ્યું, ''તેનો અંતિમ સમય ચાલી રહ્યો છે. તે કંઈ બોલશે અને મને સંભળાશે નહિ એમ વિચારીને હું તેના માથા પાસે ઉભો હતો.''

શ્રી રામ કંઈ બોલ્યા વિના, પોતે ઊભા થઈ રાવણ પાસે જઈને તેમના ચરણોમાં બેસી ગયા.

નમસ્કાર કરીને કહ્યું, ''હે લંકાપતિ રાવણ ! તમે મહાજ્ઞાની છો, પરંતુ તમારાથી એક ભૂલ થઈ ગઈ હતી. તમે મારી પત્નીનું અપહરણ કર્યું, જેની સજા તમને મળી છે. હવે જતાં પહેલાં, તમારી પાસે બહુ જ્ઞાન છે. આ સંસારને કંઈક કામની વાતો કહીને જાઓ.''

રાવણે કહ્યું, ''મને બહુ સારું લાગ્યું, કે તમે પોતાના ભાઈને જણાવી દીધું કે સંસ્કાર શું હોય છે, અનુશાસન શું હોય છે.'' પછી રાવણે પોતાના જીવનનો અનુભવ રામ-લક્ષ્મણને જણાવ્યો.

''ગુરુ પાસે જો જ્ઞાન લેવા જાઓ છો તો માથા પાસે ઊભા ન રહેવાય, પગ પાસે બેસી જવાય.''



**આમ, જ્ઞાની પાસે જ્ઞાન ગ્રહણ કરવાની શ્રેષ્ઠ રીત એ જ છે કે ખાલી શારીરિક જ નહિ, દરેક રીતે લઘુ થઈ જવું.**

## જ્ઞાનીની કૃપા

ઉતરે તે માટે વિનયભાવ અતિ આવશ્યક છે.

# એક્સપરીમેન્ટ

**ચાલો,** તે વિશે વધુ સમજણ આપતો એક સાયન્ટીફીક એક્સપરીમેન્ટ પણ કરીએ.

**પ્રયોગ માટે વસ્તુઓ :**

૧ મોટી ડોલ, પાણી

૧ પ્લાસ્ટિક ગ્લાસ



**પદ્ધતિ :**

**૧.** મોટી ડોલ પાણીથી ભરો.

**૨.** પ્લાસ્ટિકનો ગ્લાસ એ પાણી ભરેલી ડોલમાં નીચે મુજબ નાખો :

(૧) ઊભો ગ્લાસ નાખો.

(૨) આડો ગ્લાસ નાખો.





**નિરીક્ષણ & તારણ :**
સીધો ગ્લાસ ૧૦ મિનિટ પડી રહે તો પણ તેમાં પાણી નહિ ભરાય, જ્યારે આડા *(નમેલા)* ગ્લાસમાં પાણી ભરાશે.





**આધ્યાત્મિક વિજ્ઞાન :** સદ્‌ગુરુ પાસે, જ્ઞાની પાસે, આપણે નમવું પડે, તો જ એમનાં જ્ઞાનરૂપી પાણી આપણી મહીં ભરાઈ શકે. 'નમે એ સૌને ગમે અને અક્કડ હોય એ જગતમાં ભમે.'



# An Online Event

# FUZION 2020

for Youth (13 to 21 years)

**Bhaio**
17, 18, 19
November

**Behno**
20, 21, 22
November

**For Registration**
Visit : youth.dadabhagwan.org



# #કવિતા

એક વિરાટ કથા છે, ભારતની ભવ્યતા છે,
જુઓ રામાયણ, એ સંસ્કારોની સરિતા છે.

પુરુષોત્તમ, શ્રી રામની મહાનતા છે,
નિઃસ્વાર્થ પ્રેમી, ભરત તણી આધીનતા છે.

ભક્તિથી ભરેલા, શબરીના બોરનો સ્વાદ છે,
**શિરોધાર્ય ગુરુની આજ્ઞા,** જાણે પ્રસાદ છે.


ચિરસેવકની, સ્વામી માટે અનન્ય ભક્તિ છે,
પરમ વિનયથી શોભતી, મહાબલીની શક્તિ છે.

સદાત્વથી લઈ, આત્મભાવ સુધીની ગાથા છે,
શ્રી રામ વંદન કરે રાવણને, અલૌકિક **લઘુતા** છે.

મોક્ષે ગયા શ્રી રામ, ત્યાં જવાની આ વાત છે,
સેતુ બાંધે ભવસાગર પર, જે જ્ઞાની સાક્ષાત છે.

વર્ષ: ૮, અંક : ૬
સળંગ અંક : ૯૦
ઓક્ટોબર ૨૦૨૦

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month



**વશિષ્ઠ મુનિ :** હે રામ ! તમે દશરથના પુત્ર નથી, અયોધ્યાના રાજા નથી, તમે સીતાના પતિ નથી, તમે તો બ્રહ્મ છો, તમે જ પરબ્રહ્મ છો.

Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org
Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.